તા. ૨૯/૦૧/૨૦૧૮ - સોમવાર - આજ-કાલ ૩૯

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સ્પનીંગ ઉદ્યોગકારોને આયાતી મશીનરી ઉપર ભરેલ આઇ.જી.એસ.ટી.ના રીફન્ડ બાબતે વાણિજય મંત્રી સમક્ષ રજુઆત

## રજુઆત સમયે સાંસદ પુનમબેન માડમ ઉપસ્થિત રહ્યાઃ વાણિજય મંત્રી પિયુષ ગોયલએ ઘટતુ કરવા ખાત્રી આપી



**આજકાલ કાર્યાલય**

**જામનગર**

જામનગર તથા સમગ્ર ગુજરાતના સ્પીનીંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા એકમો કે જેઓએ સરકારની ટેકસટાઈલ પોલીસી અંતર્ગત જી.એસ.ટી.ના અમલ પહેલા ઈ.પી.જી.સી.સ્કીમ હેઠળ ભારત બહારથી ડયુટી ફ્રી મશીનરી આયાત કરતા હતા. પરંતુ તા.૧-૭-૨૦૧૭થી જી.એસ.ટી.નો અમલ શરુ થતા સ્પીનીંગ ઉદ્યોગકારો તરફથી આયાત કરેલ મશીનરી ઉપર રીવર્સ ચાર્જથી આઈ.જી.એસ.ટી. ભરેલ હતો. આ નિયમ તા.૧-૭-૨૦૧૭ થી તા.૧૨-૧૦-૨૦૧૭ સુધી અમલમાં હતો ત્યારબાદ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) ના નોટીફીકેશન અનુસાર તા.૧૩-૧૦-૨૦૧૭થી આયાતી મશીનરી ફરીથી ડયુટી ફ્રી જાહેર કરવામાં આવેલહ તી. આથી તા. ૧-૭-૨૦૧૭ થી ૧૨-૧૦-૨૦૧૭ સુધી આવેલ મશીનરી ઉપર સમગ્ર ગુજરાતના સ્પનીંગ ઉદ્યોગકારોએ અંદાજે રૂા. ૬૧ કરોડ જેટલો આઈ.જી.એસ.ટી. ભરવો પડેલ હતો. આ અંગે સ્પીનીંગ એસો. દ્વારા જામનગર ચેમ્બર ઓફ કોમર્સને સ્પીનીંગ ઉદ્યોગકારોએ ભરેલ આઈ.જી.એસ.ટી.નું રીફન્ડ મેળવવા રજુઆત કરેલ હતી. આ હકીકતોને ધ્યાને લઈ જામનગર ચેમ્બર દ્વારા જામનગરના સાંસદ સભ્ય પુનમબેન માડમને સમગ્ર બાબતથી વાકેફ કરી આ સમસ્યાનું નિરાકરણ લાવવા રજુઆત કરેલ હતી. આ અંગે સંસદસભ્ય પુનમબેન માડમ દ્વારા નવી દિલ્હી ખાતે સ્પીનીંગ એસો.નાં પ્રતિનિધિઓ તથા જામનગર ચેમ્બરની સેન્ટ્રલ જી.એસ.ટી.પેનલના ચેરમેન ભરતભાઈ ઓઝાને સાથે રાખી ભારત સરકારના ઉદ્યોગ અને વાણિજય મંત્રી પિયુષ ગોયલની રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર હકીકત જણાવેલ હતી. આ તકે મંત્રી પિયુષ ગોયેલે આ બાબત સ્વીકારી અને આના રીફન્ડના નિરાકરણ માટે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરીની મુલાકાત કરાવી આ મુદ્દે ઘટતું કરવા જણાવેલ હતું. આ તકે સાંસદ સભ્ય પુનમબેન માડમે જણાવેલ કે જો આ પ્રશ્નનું નિરાકરણ નહીં આવે તો તેઓ ભારત સરકારના નાણામંત્રી નિર્મલાબેન સિતારમનને પણ રજુઆત કરવા ખાત્રી આપેલહ તી. આમ જામનગર ચેમ્બરની રજુઆત તથા સાંસદ સભ્ય પુનમબેન માડમના પ્રયાસોથી સ્પીનીંગ ઉદ્યોગકારોના રોકાયેલ આઈ.જી.એસ.ટી.ના રીફન્ડના પ્રશ્નનું નિરાકરણ આવશે તેવી આશા છે.